# IIT-Gnએ એડમિશન માટે પેપરલેસ સિસ્ટમ ખુલ્લી મુકી

સ્ટુડન્ટસને કોલેજમાં એડમિશન લેતાની સાથે જ ફોર્મ ભરવું, વિવિધ પ્રકારના એજ્યુકેશનલ ડોક્યુમેન્ટ જોડવા અને તેની હાર્ડ કોપી એડમિન વિભાગમાં જમા કરાવવી જેવી જટિલ પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. જે દરેક સ્ટુડન્ટસ માટે માથાના દુખાવા સમાન છે. એડમિનિસ્ટ્રેટીવની આ જંજાળમાંથી મુક્ત થવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી) ગાંધીનગરના પ્રોફેસર દ્વારા 'ઇન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટ સિસ્ટમ' નામનું અનોખું સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. જેની મદદથી એડમિશન અને અન્ય કોઇપણ શૈક્ષણિક બાબતોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થઇ શકશે.

આ અંગે સોફ્ટવેર બનાવનાર પ્રો. પ્રત્યુષ દયાલ કહે છે કે આઇઆઇટી ગાંધીનગર દ્વારા સૌ પ્રથમવાર આઇએમએસ સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. જેની મદદથી હવે સ્ટુડન્ટસનો સમય અને એનર્જીની બચત થશે. સ્ટુડન્ટ કોઇપણ ફોર્મ ઓનલાઇન ભરી શકશે. પહેલા કોઇપણ ફોર્મની અંદર વિભાગીય અધ્યક્ષ કે ડાયરેક્ટરની સહી કરાવવામાં લાંબો સમય જતો રહેતો પરંતુ હવે આ સિસ્ટમની મદદથી સ્ટુડન્ટસ કોઇપણ સ્થળથી ફોર્મ ભરીને સબમીટ કરી શકશે.



**આઇઆઇટી ગાંધીનગર દ્વારા સૌ પ્રથમવાર પેપરલેસ ઇન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટ સિસ્ટમની શરૂઆત કરવામાં આવી**

### ઇન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટ સિસ્ટમ કઇ રીતે કામ કરશે

- આ સિસ્ટમની અંદર કોઇપણ સ્ટુડન્ટ કોલેજના એડમિશનના વિવિધ ફોર્મ ઓનલાઇન ભરી શકશે.
- સ્ટુડન્ટસની તમામ માહિતી અને ડોક્યુમેન્ટની ફાઇલો સાથે અટેચ કરીને સબમીટ કરશે.
- ફોર્મ સબમીટ થયા બાદ જે તે લાગતા અધિકારીને ઇમેલ થ્રુ ફોર્મ ચકાસણી માટે અને સહી માટે મળી જશે.
- એડમિનિસ્ટ્રેટીવ વિભાગના વ્યક્તિ સહી કરીને ફોર્મને પરત કરી દેશે અને સ્ટુડન્ટસને એડમિશનની માહિતી પણ ઓનલાઇન મળી જશે
- આ સિસ્ટમને કારણે આઇઆઇટીની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પેપરલેસ બનશે.